# 2101002501010003
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF ARTS (EXTERNAL) (FIRST YEAR)
# GUJARATI - LEVEL 1
# (GUJARATI BHASHA SAHITYA KAUSHALYA - PRATYAN KAUSHALYA)

[**Time: As Per Schedule]** **[Max. Marks: 100]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a. Name of the Examination: **BACHELOR OF ARTS (EXTERNAL) (FIRST YEAR)**
b. Name of the Subject: **GUJARATI-LEVEL 1 (GUJARATI BHASHA SAHITYA KAUSHALYA - PRATYAN KAUSHALYA)**
c. Subject Code No: **2101002501010003**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1** ઈ. સ. ૨જી સદી થી ઈ. સ. ૮મી સદી સુધીનાં પ્રાચીન ગુજરાતમાં રહેલ ગુજરાતનો સાંસ્કૃતિક વારસો મૂલવો. **20**

**અથવા**

ગુજરાતનું ભૌગોલિક વૈવિધ્ય જણાવી ગુજરાતનું નામકરણ વિષે માહિતી આપો.

**Q.2** "અમાસનાં તારા" માં લેખકના માતા-પિતા અને બહેનોનાં પ્રગટ થયેલાં સ્મરણચિત્રોના અનુલક્ષમાં સવિસ્તર સમીક્ષા કરીને લેખકની નિરૂપણકલા મૂલવો. **20**

**અથવા**

"જીવનનું કાવ્ય", "વ્યક્તિ અને વિભૂતિ", "મને મારો મેળાપ", "અમાસના તારા" ની એ ત્રણ રચનાઓની સમીક્ષા કરી, લેખકની જીવનદ્રષ્ટિનો પરિચય આપો.

**Q.3** નિબંધ લખો. (ગમે તે એક) **20**

1. મોંઘવારી ભરડામાં મધ્યમ વર્ગ
2. સામાજિક વિષમતા – ભારતમાં વસ્તીવધારો
3. ભારતની રાષ્ટ્રીય સમસ્યાઓ
4. પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા
5. ગાંધીજી – મારી દ્રષ્ટિએ

**અથવા**

1. તમે તૈયાર કપડાંની નવી દુકાન શરૂ કરી છે. તે માટે તમે જરૂરી ચીજ-વસ્તુઓની ખરીદી કરવા માગતા હોઈ ભાવતાલ, વ્યાપારી શરતો વગેરેની માહિતી મેળવવા અમદાવાદની એક પેઢીને ઉદેશીને પત્ર લખો.

2. હિસાબ પતાવટ માટે ચોક્કસ તારીખ આપતો પત્ર લખો અને એના જવાબમાં માલ પાછો મોકલવાની વિનંતી કરતો પત્ર લખો.

3. એક કંપનીમાં મેનેજરની જગ્યા ખાલી છે, તો તમારી યોગ્ય પ્રમાણે અરજી તૈયાર કરો.

**Q.4** **(અ) ગમે તે બે નો વિચાર - વિસ્તાર કરો.** **12**

1. મોટાં નાનાં વધુ મોટામાં, તો નાનાં પણ મોટાં
   વ્યોમદીપ રવિ નભબિંદુ, તો ઘરદીવડા શા ખોટા ?

2. કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,
   પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું, વેરીશ હું.

3. કાતરની ચોરી કરે, કરે સોયનું દાન;
ઊંટ ચડી જોયા કરે, કેમ ન આવ્યું વિમાન ?

4. જન્મ ને જીવનાં કૃત્યો છે આકસ્મિક સૌ અરે,
પાસા ફેંકે જનો સર્વે દા દેવો હરિહાથ છે.

**(બ) નીચે પૈકી ગમે તે ચાર કહેવતોનો અર્થ આપો.** **4**

1. પાણીમાં રહેવું ને મગર સાથે વેર
2. બાર ગાઉને બોલી બદલાય
3. બોલે તેના બોર વેચાય
4. ભાવતું હતું ને વૈદે કહ્યું
5. મીઠા ઝાડનાં મૂળ ન ખોદાય
6. મોટા એટલા ખોટા
7. મોરના ઈંડા ચીટરવાં નાં પડે
8. ગજનું ગજ કરવું

**4**

**(ક) નીચે પૈકી ગમે તે ચાર રૂઢિપ્રયોગોનો અર્થ આપો.**

1. અબોલા લેવા
2. એક નજર થવી
3. ગળા સુધી આવી જવું
4. ઠોકર ખાવી
5. તલપાપડ થઈ રહેવું
6. દિલ સાફ હોવું
7. નમતો દિવસ થવો
8. દૂધ ધોઈને આપવું

**Q.5** **(અ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **6**

1. વનરાજ ચાવડાનું પાત્રલેખન કરો
2. ‘ભણતરનો બંધાપો' માં આધુનિક કેળવણીએ આપેલી અવળી દ્રષ્ટિ

**(બ)પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (ગમે તે બે)** **8**

1. “ગાડીને જવું હોય તો જાય પણ હું ચાલ નહીં બગાડું.“
2. “રોજ રાતે શાનો દારૂ ઢીંચીને આવે છે ?”
3. “નામે – જાતે મુસલમાન અને દેખાવે તથા રીતભાતે હિન્દુ”
4. “આ જિરાફની પાછળ સિંહ પડ્યો હોવો જોઈએ”.

**(ક) નીચેના પૈકી કોઈપણ એક ફકરાનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **6**

1. આપણે સામાન્ય રીતે માનતા હોઈએ છીએ કે માણસના અંગત જીવનમાં આપણે નીતિનું ધોરણ ઊંચું રાખવું જોઈએ અને રાખીએ પણ ખરા; પરતું સંસ્થાના વ્યવહારમાં એવું ધોરણ ન રાખીએ તો પણ ચાલે. આનો અર્થ એ થયો કે મારા અંગત જીવનમાં હું અપ્રમાણિક કરું એ સારું નહીં અને ન કરવી જોઈએ. પરતું મારી લોકભારતી જેવી સંસ્થા માટે જો હું અપ્રમાણિક કરું તો તે અપ્રમાણિક દોષ ન ગણવો જોઈએ. ઊલટું આવી અપ્રમાણિક સંસ્થાની સેવા માટે હું કરી શકું એવું હું પોતે પણ માનું અને બીજાઓને પણ મનાવું. આ પ્રકારનો ભ્રમ સમાજમાં ચારે તરફ ફેલાયેલો દેખાય છે અને કેટલાંક નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પણ આવા ભ્રમમાંથી મુકત હોતા નથી એમ કહેવાય છે. ખરી રીતે ચારિત્ર્યના જે નિયમો વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમો સંસ્થાને લાગુ પાડવા જોઈએ. જે કાળાબજાર કરવા એ મારા ચારિત્ર્યમાં દોષ ગણાય, તો સંસ્થાના ચારિત્ર્યમાં તે દોષ ગણાવો જોઈએ. સંસ્થા એ કોઈ એવી લોકોત્તર વસ્તુ નથી કે જે ચારિત્ર્યમાં હીનતાને પણ ચારિત્ર્યશીલતા બનાવી

શકે. ખોટું એ ખોટું છે, લુચ્ચાઈ એ લુચ્ચાઈ જ છે, છેતરપિંડી એ છેતરપિંડી જ છે. પછી એ મારા અંગત જીવનમાં હોય કે સંસ્થામાં હોય.

2. સાચી મૈત્રી આશીર્વાદરૂપ છે. સાચો મિત્ર આપણો હંમેશાનો સાથીદાર છે આપણા સુખ દુઃખમાં તે ભાગીદાર બને છે. આપણી સારી વસ્તુઓને કે આપણા ગુણોને તે વખાણે છે. અને આપણી અવળી બાજુનો નિર્દેશ કરી આપણને તેનાથી દૂર થવા શિખામણ આપે છે. આપણને અવળે રસ્તે જતાં અટકાવે છે. વિકટ પ્રશ્નોમાં તે આપણને સાચી અને યોગ્ય સલાહ આપે છે. આપણા જીવનમાં તે ઓતપ્રોત થઈ જાય છે અને એ રીતે સાચો મિત્ર એક વિશુદ્ધ અરીસાનું કામ કરે છે, આપણું સાચું પ્રતિબિંબ તે પાડે છે. તદૂપરાંત તેનું પ્રતિબિંબ વિકૃત હોય તો તેને સુંદર બનાવવા તે મથે છે. મૈત્રીમાં સ્વાર્થભાવના ન હોય સાચા મિત્ર પાસેથી કંઈપણ લેવાની વૃતિ તો હરગીજ ન હોવી જોઈએ, બલકે હોય તે આપવાની વૃતિ હોવી જોઈએ. ત્યાગ ભાવના વિનાની મૈત્રી લાંબો સમય ટકતી નથી.

*****